જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૬/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૬૧/૧૮

## ઇન્સ્યોરન્સ કંપનીમાં ફરજ બજાવતા અધિકારીએ સર્કિટ હાઉસ દિવ ખાતે રૂમ બુક કરાવવા માટે N.I.A. ના S.P તરીકે ઓળખ આપનારની ધરપકડ કરતી ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબની અમદાવાદ શહેર વિસ્તારમાં નકલી અધિકારી બની ગુનાઓ કરતા હોય જેને અટકાવવા આપેલ સૂચના આધારે તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદિપસિંહ ઝાલા સાહેબના સીધા માર્ગદર્શન આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એલ.ચૌધરી તથા પો.સ.ઇ વી.એચ.જાડેજા તથા સ્ટાફના માણસો તા.૦૫.૦૬.૨૦૧૮ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૮.૧૫ વાગે જીવરાજ મહેતા હોસ્પીટલ ચાર રસ્તા પાસેથી એક ઇસમ નામે પિયુષ હરીપ્રસાદ વ્યાસ ઉવ.૫૮ ધંધો.નોકરી રહે.૭, શુગુન એપાર્ટમેન્ટ વિભાગ – ૨, આર.સી.પટેલ સ્કુલ સામે વાસણા અમદાવાદ નાને પકડી તેની ઝડતી તપાસ કરતા તેની પાસેથી તેના ખિસ્સામાંથી એક કાગળ મળી આવેલ જેમાં કલેક્ટર દિવને પોતાના ઇમેલ એડ્રેસથી તા.૦૮-૦૯/૦૨/૨૦૧૮ ના રોજ સર્કીટ હાઉસ દિવ ખાતે રૂમ બુક કરાવવા માટે N.I.A. ના અધિકારીની ઓળખ આપી તા.૦૫.૦૨.૨૦૧૮ ના રોજ ઇમેલ કરેલ તેની કોપી મળી આવેલ જે સબંધે પકડાયેલ ઇસમને પૂછપરછ કરતા પોતાના પરીવારના તથા સગાસબંધી સાથે દિવ ખાતે ફરવા જવાનું હોય અને સર્કિટ હાઉસ દિવ ખાતે રૂમો મળે તેમ ન હોય અને ત્રણ રૂમની જરૂર હોવાથી કલેકટર શ્રી દિવને N.I.A. ના SP તરીકેની ઓળખ આપી ઇમેલ કરેલ હોવાનું અને દિવ સર્કિટ હાઉસ ખાતે રજીસ્ટરમાં N.I.A. ના SP તરીકેની સહિ કરેલ હતી જે ઇમેલ કોપી સદર ઇસમ પાસેથી મળી આવતા સરકાર તરફે ઇ.પી.કો કલમ ૧૭૦ તથા આઇ.ટી એક્ટ કલમ ૬૬ (સી) (ડી) મુજબ ગુનો દાખલ કરી સદરી ઇસમની ધરપકડ કરવામાં આવેલ છે.પકડાયેલ ઇસમ સેન્ટ્રલ ગર્વમેન્ટની ધી ન્યુ ઇન્ડીયા એસ્યોરન્સ કંપનીમાં ડેવલોપમેન્ટ ઓફિસર તરીકે અમદાવાદમાં નોકરી કરે છે.

**દાણીલીમડા પોલીસ સ્ટેશન :-**

# અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૮ સાથે ત્રણ આરોપીઓને પકડી મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ.ભરતભાઇ ધુળાભાઇ તથા સાથેના સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન તેઓ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલનાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપીઓ **(૧) આમીરહુસેન અસ્લમહુસેન શેખ ઉવ.૨૮ રહે : ગુલબર્ગા નયા મહોલ્લા હજ કમિટી પાસે કર્ણાટક તથા (૨) મોહસીન ઈબ્રાહીમખાન પઠાણ ઉવ.૨૦ રહે : શાહઆલમનગર આર.એમ.ગલ્લાની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર (૩) મોહમદઈરફાન હુસેનભાઇ શેખ ઉ.વ.૨૭ રહે : શાહઆલમનગર આલાહજરત મસ્જીદની પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર**નાઓને અલગ અલગ કંપનીના મો.ફોન નંગ-૮ જે પૈકી નં.(૧) સેમસંગ કંપનીનો GT-190601/DS મોડલનો મોબાઈલ ફોન IMEI નંબર (૧) 358312062361370 તથા (૨) 358313062361378 આશરે કિ.રૂ.૫૦૦૦/- તથા (૨) સેમસંગ કંપનીનો GT-18552 મોડલનો મોબાઈલ ફોન IMEI નંબર (૧) 357091058647577 તથા (૨) 357092058647575 આશરે કિ.રૂ.૫૦૦૦/- ગણાય તથા નં.(૩) કુલપેડ કંપનીનો Coolpad 8298-100 મોડલનો મોબાઈલ ફોન IMEI નંબર (૧) 911498050120710 તથા (૨) 911498051120719 આશરે કિ.રૂ.૧૨,૦૦૦ /- (૪) ઓપો CPH 1717 મોડલનો મોબાઈલ ફોન IMEI નંબર (૧) 865513034846713 તથા (૨) 86551304846705 આશરે કિ.રૂ.૧૨,૦૦૦/- (૫) ઓપો -5 CPH 1729 મોડલનો મોબાઈલ ફોન IMEI નંબર (૧) 867614030175152 તથા (૨) 867614030175145 આશરે કિ.રૂ.૧૨,૦૦૦/- (૬) સેમસંગ કંપનીનો SM-J200G/DD મોડલનો બ્લેક મોડલનો મોબાઈલ IMEI નંબર (૧) 35815607633791202 તથા (૨) 35815707633791002 આશરે કિ.રૂ.૧૦,૦૦૦/- ગણાય તથા (૭) one plus A 5000 બ્લેક મોડલનો મોબાઈલ ફોન IMEI નંબર (૧) 866265031543334 તથા (૨) 866265032543326 આશરે કિ.રૂ.૩૫,૦૦૦/- (૮) sony D2212 મોડલનો મોબાઈલ ફોન જેનો IMEI નંબર (૧) 356446066552865 તથા (૨) 356446066551873 આશરે કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે **મોબાઈલ ફોન નંગ-૮ કુલ્લે કિ.રુ.૧,૦૧,૦૦૦/** ની મતાના મુદ્દામાલ સાથે પકડી લઇ સદરી આરોપીઓની પુછપરછ કરતા સદર ઉપરોક્ત મોબાઈલ **આશરે બે-ચાર દિવસ પહેલા અલગ અલગ સમયે કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતેથી ચોરી કરી મેળવી લાવેલ હોવાની કબુલાત કરતા** સદરી આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

**વટવા પોલીસ સ્ટેશન :-**

**વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૧/૨૦૧૮ ધી ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) ના આરોપીને વડોદરા ખાતેથી પકડી અટકાયત કરતી વટવા પોલીસ**

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર વટવા મારફતે વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ. ગુ.ર.નં. ૬૧/૨૦૧૮ ધી ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (આઇ) (એન) પોક્સો એક્ટ. ૩, ૪, ૫, ૬, ૧૧(૪),૧૨ મુજબ ના ગુનાના કામેં ભોગબનનાર સગીરા ને મુક્ત કરાવવા તથા આરોપી પકડી પાડવા હે.કો.શંકર ભાનુદાસ બ.નં.૩૧૨૨ તથા પો.કો.નરેન્દ્રકુમાર મફતલાલ બ.નં.૪૭૨૯ તથા પો.કો.અજયસિંહ નરેશકુમાર સાથેના સ્ટાફના માણસો સાથે અલગ-અલગ ટીમો બનાવી સદરી ગુનાનો આરોપીને હ્યુમન સોર્સ તથા ટેકનિકલ સોર્સથી તપાસ કરતા ગામ-ભાયલી તા.પાદરા જિ.વડોદરા હોવાનુ જણાય આવતા વટવા પોલીસની ટીમ વડોદરા ખાતે મોકલી ભોગ બનનાર સગીરા ને મુક્ત કરાવી તેના વાલીને સગીરાનો કબજો સોપી,આરોપી સંજય ગોરધનભાઇ પરમાર ઉ.વ.૧૯ રહે.શનાનગર,વણકરવાસની બાજુમા વટવા અમદાવાદ નાઓને અત્રેના વટવા પો.સ્ટે.લાવી ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા-૦૫/૦૬/૨૦૧૮ ના કલાક ૧૪/૦૦ વાગે પકડી અટક કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :-**

**મોબાઇલ ચોર ઇસમને ચોરીના કુલ-૧૫ મો.ફોન સાથે પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ**

વિશેષ ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેકટર -૦૧ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા I/C એ.સી.પી.શ્રી "ડી" ડીવીઝન તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી એ.ડી.ચાવડા સાહેબ નાઓએ સ્ટાફના પો.કો. કેતનકુમાર વિનુભાઇ બ.નં.૪૮૪૧ તથા પો.કો. અનિલકુમાર સોનજીભાઇ બ.નં-૪૩૦૧ નાઓને મળેલ બાતમી હકીકત આધારે સરસપુર અંજર સીનેમા પાસે જાહેરમાં વોચ ગોઠવી આરોપી નામે જીતેન્દ્ર ઉર્ફે જીતુ કેશવલાલ પાંડે ઉ.વ.૩૫ રહે. મ.નં.-૦૭, ગજાનંદનગર સ્વામીનારાયણ સ્કુલની સામે ગોમતીપુર અમદાવાદ શહેર નાને અલગ અલગ કંપનીના કુલ્લે મોબાઇલ ફોન નંગ-૧૫ કિ.રૂ-૧૮૦૦૦/-ની મત્તાની સાથે પકડી તા.૦૫/૦૬/૧૮ ના કલાક-૨૩/૩૦ વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી આરોપીની પુછપરછ કરતા ઉપરોક્ત મો.ફોનો કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનમાંથી ઉતરતા ચડાતા પેસેન્જરો તથા ટ્રેનમાં ભિડભાડમાથી ચોરી કરેલાની કબુલાત કરેલ હોય આરોપીની કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ પો.સબ.ઇન્સ.શ્રી એ.ડી.ચાવડા નાઓ ચલાવી રહેલ છે.

**કારંજ પોલીસ સ્ટેશન :-**

## પાસાના આરોપીને પકડી પાડતી કારંજ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૨ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવીઝન સા.અમદાવાદનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારુ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટરશ્રી એફ.એમ.નાયબ નાઓએ મહંમદસુફીયાન ઉર્ફે અરકાન મઝરહુસેન ખોખર ઉ.વ.૨૩ રહે.મ.નં.૦૪ કસવા પાર્ક, મોસીનભાઈની કિટલીની પાસે, ફતેવાડી કેનાલની પાછળ વેજલપુર અમદાવાદ શહેર મુળ વતન ગા.જીંજર ખોખરવાડા તા.મહેમદાવાદ જી.ખેડા નાનો જાહેર વ્યવસ્થા વિરુધ્ધના કૃત્યો કરતો હોય સદરી આરોપી વિરુધ્ધમા પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં.PCB/ DTN/ PASA / 403/18 તા. 28/05/18 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલંસ પ્રો.પો.સ.ઈ એસ.ડી.ચૌધરી તથા અ.હે.કો બાબુભાઈ હોથાભાઈ બ.નં.૮૮૪૧ તથા પો.કો હવનાથસિંહ પ્રતાપસિંહ બ.નં.૯૬૧૪ તથા પો.કો મુકેશકુમાર રામસંગભાઈ બ.નં.૮૩૫૬ તથા પો.કો મહંમદનઈમ નબીમીયા બ.નં.૩૭૧૪ તથા પો.કો દિનેશભાઈ ગલબાભાઈ બ.નં.૫૭૨૦ તેમજ અન્ય સ્ટાફના માણસો વોચમા હાજર રહી મળી આવતા પકડી લઈ તા.૦૫/૦૬/૨૦૧૮ ના ૨૧/૧૫ વાગ્યે પાસા હુકમની બજવણી કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતી ને જરુરી જાપ્તા સાથે મોકલી આપવામા આવેલ છે. તા.૦૫/૦૬/૨૦૧૮

**જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન :-**

## ઢોર ચોરી તથા કતલ કરનાર આરોપીને પાસા હેઠળ પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ <u>અજમલ સ/ઓ ઈશાકભાઈ ખાનઅલી શેખ ઉ.વ-૨૫ રહે-બ્લોક નં-૬૨/૧૩૩૨ સદભાવનાનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર</u> નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ વટવા પો.સ્ટેફ.ગુ.ર.નં-૭૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફઘાતકીયવર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબ તેમજ જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં-૧૨/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફ ઘાતકીય વર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર- ક્માંક/પીસીબી/ ડીટીએન/પાસા/ ૪૧૭/૧૮ તા:૦૧/૦૬/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા નાઓએ તા:૦૪/૦૬/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

**<u>ઓઢવ પોલીસ સ્ટેશન :-</u>**

નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટરશ્રી.આર.જી.જાડેજા.નાઓએ " વિપુલભાઈ ભુરાભાઈ દેસાઈ ઉવ.૨૪.રહે.એ/૪ તુલશીપાર્ક સોસાયટી.જોગેશ્વરી પાર્ક પાસે અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર." નાનો "જાહેરવ્યવસ્થા "વિરૂદ્ધના કૃત્યો કરતો હોય.અને હાલના આરોપી ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૬૮/૧૮ ઈપીકો કલમ.૩૨૫,૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા જીપી એક્ટ.૧૩૫ (૧) મુજબના ગુનામાં નાસતો ફરતો હોય તેમજ ઓઢવ પો સ્ટેશનમાં પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક.પીસીબી/હદપ/૨૭/૧૮.તા.૦૨/૦૧/૧૮ અન્વયે બે વર્ષ માટે તડીપાર હુકમ કરતા મજકુર તડીપાર અટકાયતીની સર્વેલન્સ.અ.હેડ.કોન્સ.અમરસિંહ રેવાભાઈ બનં-૩૯૪૧ તથા પો.કો.ચંદ્રસિંહ લાખુભા બનં-૫૮૮૯ તથા પો.કો.પંકજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૯૦ તેમજ અન્ય સ્ટાફના માણસો વોચમાં હાજર રહી મળી આવતા પકડી લઈ આજ.તા.૦૫/૦૬/૧૮ ના કલાક.૦૩/૧૫ વાગે જીપી એક્ટ.૧૪૨ મુજબ પકડી અટક કરી ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૬૮/૧૮ ઈપીકો કલમ.૩૨૫,૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા જીપી એક્ટ.૧૩૫ (૧) મુજબના ગુનામાં નાસતો ફરતો હોય જે બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પો.સ.ઈશ્રી.એમ.આર.રોહીત. નાઓને સમજ કરવામાં આવેલ છે..તા.૦૫/૦૬/૧૮.

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :-</u>**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી."એમ" ડિવીઝન  સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સપેકટર શ્રી પી.આર.રામાણી તથા સ્ટાફનાં માણસોએ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહીબીશન સબંધી ગુન્હાઓમાં સંડોવાયેલ (૧) કૈલાસબેન ઉર્ફે કાળીબેન વા/ઓ મહેશભાઇ કેશાભાઇ ચુનારા ઉ.વ.૩૦ રહેવાસી વણઝર ગામ, ગોકુલનગર,ભરવાડવાસ પાસે,સરખેજ અમદાવાદ શહેર તથા (૨) સુરજબેન કેસાભાઇ પોપટભાઇ ચુનારા ઉંવ.૫૦ રહે.ગોકુલનગર,ભરવાડવાસ,નવા વણઝર સરખેજ અમદાવાદ નાઓની વિરુધ્ધમાં પુરાવા એકત્ર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત કરતા મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ની કચેરી નાં ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૨૭,૪૨૮/૨૦૧૮ તા.૦૪/૦૬/૨૦૧૮ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતી ને આજરોજ તા.૦૫/૦૬/૨૦૧૮ રોજ ઉપરોક્ત પાસા હુકમોની બજવણી કરી "વડોદરા"તથા સુરત જેલ ખાતે પાસા અટકાયતી ને યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામાં આવે છે તા.૦૫/૦૬/૨૦૧૮

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"રખીયાલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "રખીયાલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.